From
**Corporate Office:** 510, A Wing, Kohinoor City C-I
Kirol Road, Off L.B.S. Marg, Kurla (W)
Mumbai - 400 070, India
T: +91 22 6708 2600 / 2500

GRP
IMPACT POSITIVE

17.11.2025

To,
**BSE Limited**
Phiroze Jeejeebhoy Towers,
Dalal Street,
Mumbai – 400001.

To,
**National Stock Exchange of India Limited**
Exchange Plaza, Bandra Kurla Complex
Bandra (E),
Mumbai – 400051.

**Scrip code : 509152**

**Symbol : GRPLTD – Series: EQ**

**Sub: Compliance under Regulation 30 and Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 – Newspaper Publication**

Dear Sir / Madam,

Pursuant to Regulation 30 and Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Company has published unaudited standalone and consolidated financial results of the Company for the quarter and half year ended 30th September, 2025 on Saturday, 15th November, 2025, in English newspaper - Financial Express (all editions) and in Gujarati newspaper- Gujratmitra.

Newspaper clippings for the same are being submitted for your records.

Request you to take the same on your records.

Thanking you,

For **GRP Limited**

**Jyoti Sancheti**
Company Secretary & Compliance Officer

Encl : a/a



હિતેશ પટેલ

# ચોરપ્રિય શાળા: વિરપોરની શાળામાં સાતમીવાર ચોરી

**લેપટોપ** તથા અન્ય વસ્તુ મળી તસ્કરો રૂ.22 હજારની ચોરી કરી ગયા

માંડવી: અરેઠ તાલુકાના વિરપોર ગામે સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં રાત્રિ દરમિયાન મહિલા સ્ટાફ ઓફિસની બારીની ગ્રીલના બે સળિયા કાપી તસ્કરો અંદર પ્રવેશ્યા હતા. આ બનાવમાં કબાટમાં મૂકેલું લેપટોપ કિં.રૂ.20 હજાર તથા હેન્ડ માઈક રૂ.2 હજાર અને સીસીટીવી કેમેરા ઉપર કપડું બાંધી, ડીવીઆર વાયર કાપી ટેબલમાં મૂકેલા કાગળોને વેરવિખેર કરી રૂ.22 હજારની ચોરી કરી ઈસમો ભાગી છૂટ્યા હતા. આ બાબતે તડકેશ્વર ઓપીમાં જાણ કરતાં પોલીસે સ્થળ પર પહોંચી ચોરીનો ગુનો નોંધી આગળની પ્રક્રિયા હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ શાળામાં અત્યાર સુધીમાં સાતમી વખત ચોરી થઈ છે. જેના પગલે શિક્ષકો માટે ચિંતાનો વિષય બન્યો છે.

# બચ્ચું પાંજરામાં પુરાતાં દીપડા ખેતરમાંથી અવાજ કરવા લાગ્યા

**એનામાં** મરઘાના શિકાર માટે આવેલું દીપડાનું બચ્ચું પાંજરે પુરાયું

પલસાણા: પલસાણાના એના ગામના ગોટિયા ફળિયામાં રહેતા ખેડૂત વિજયભાઈ ભીખુભાઈ હળપતિના ખેતરમાં છેલ્લા કેટલાક સમયથી નવ મહિનાના ત્રણ દીપડાના બચ્ચાં આવીને મરઘાંનો શિકાર કરી રહ્યા હતા. ગત રાત્રે મરઘાંના શિકાર માટે આવેલ દીપડાનું બચ્ચું પાંજરામાં કેદ થયું હતું.

પલસાણાના એના ગામે રહેતા વિજયભાઈ ભીખુભાઈ હળપતિ ખેતીની સાથે સાથે મરઘાં પાલનનો વ્યવસાય કરે છે. છેલ્લા કેટલાક સમયથી વિજય ભાઈને ત્યાંથી દીપડાનાં ત્રણેક બચ્ચાં અવારનવાર આવી મરઘાંનો શિકાર કરી જતાં હતા. આથી તેમણે આ અંગે 'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલફેર ટ્રસ્ટ'ના સભ્ય પીયૂષભાઈ હળપતિને જાણ કરી હતી. પીયૂષભાઈએ ટીમના પ્રમુખ જતીન રાઠોડને માહિતી આપતાં તેમણે સામાજિક વનીકરણ રેન્જના RFO સુધાબેન ચૌધરીનો સંપર્ક કર્યો હતો. વન વિભાગ અને ટ્રસ્ટની ટીમે મળીને ગોટિયા ફળિયામાં મારણ સાથે પાંજરું ગોઠવ્યું હતું. બે દિવસથી દીપડાઓ રાત્રે 8 વાગ્યાની આસપાસ પાંજરાની નજીક આવતા હતા, જેનો વિડીયો પણ વિજયભાઈએ ઉતાર્યો હતો. ગુરુવારે બપોરે જતીન રાઠોડ, કિરણ રાઠોડ, પીયૂષભાઈ અને સુનીલભાઈ રાવલે સ્થળની મુલાકાત લઈ પાંજરાને વ્યવસ્થિત ગોઠવી મારણ મૂક્યું હતું.

રાત્રે લગભગ 8:30 વાગ્યાની આસપાસ મરઘાં ખાવાની લાલચે નવ મહિનાનું એક દીપડાનું બચ્ચું પાંજરે પુરાયું હતું. જેની જાણ થતાં આસપાસનાં ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો તેને જોવા ઊમટી પડ્યા હતા. વન વિભાગે દીપડાના બચ્ચાનો કબજો લઈ તેને સામાજિક વનીકરણ રેન્જ ઓફિસ પર ખસેડ્યો હતો.

વિજયભાઈએ જણાવ્યું હતું કે, દીપડાનું બચ્ચું પાંજરે પુરાયું ત્યારે અન્ય દીપડા શેરડીના ખેતર તરફથી જોરદાર અવાજ કરી રહ્યા હતા, પરંતુ લોકોનું ટોળું થતાં તે પલાયન થઈ ગયા હતા. અન્ય દીપડાઓને પકડવા માટે તેમણે બીજું પાંજરું મૂકવા માટે પણ વિનંતી કરી છે.



ઈલ્યાસ શેખ

## ઉમરપાડાના ગુંડીકૂવા ગામે કદાવર દીપડો પાંજરે પુરાયો

વાંકલ: ઉમરપાડાના ગુંડીકૂવા ગામે કેટલાક દિવસોથી દીપડો ગુલાબભાઈ હીરાભાઈના ખેતરના વાડામાં આવતો હતો. આ અંગેની ફરિયાદ આર.એફ.ઓ. હિરેન પટેલને આપી હતી, જેને પગલે વન વિભાગની ટીમ દ્વારા છેલ્લા ચાર દિવસથી પાંજરું ગોઠવાયું હતું. ગુરુવારે રાત્રે નવ વાગ્યાની આસપાસ મારણ ખાવાની લ્હાયમાં ચાર વર્ષનો કદાવર દીપડો પાંજરે પુરાયો હતો. આ દીપડાને જોવા લોકો ઊમટી પડ્યા હતા. વન વિભાગે દીપડાનો કબ્જો લઈ ઝંખવાવ રેસ્ક્યુ સેન્ટર ખાતે મોકલ્યો હતો. દીપડાને ગાઢ જંગલ વિસ્તારમાં છોડી દેવામાં આવશે.

## ઉભદ ગામમાં દીપડો પાંજરે પુરાયો

કુકરમુંડા: કુકરમુંડાના ઉભદ ગામના લક્ષ્મણભાઈ ઠાકરેના ઘર પાસે દીપડો દેખાતાં ગ્રામજનોમાં ભયનું વાતાવરણ ફેલાયું હતું. ઘટનાની જાણ થતાં જ વનવિભાગની ટીમે સ્થળ પર પહોંચી પાંજરું ગોઠવ્યું હતું. ગતરોજ વહેલી સવારે દીપડો પાંજરામાં પુરાતાં ગ્રામજનોને રાહત થઈ હતી. વનવિભાગ દ્વારા દીપડાને સુરક્ષિત સ્થળે ખસેડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ગ્રામજનો જણાવી રહ્યા છે કે હજુ પણ એમના ગામની આસપાસ ઘણા દીપડા આંટાફેરા મારે છે. જેને પકડવા વન વિભાગ દ્વારા તાત્કાલિક પગલાં લેવા જોઈએ.

## સંક્ષિપ્ત સમાચાર

### બાબેનમાં અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો

બારડોલી: બાબેન ગામમાં આદર્શ પ્રાથમિક શાળાની સામે આવેલા જાહેર શૌચાલય પાસે એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. બાબેન ગ્રામ પંચાયતમાં નોકરી કરતા સુનીલભાઈ મધુભાઈ વસાવાએ આ અંગેની જાણ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનને કરી હતી. પોલીસને બાબેન ગામમાં આદર્શ પ્રાથમિક શાળાની સામેના ભાગે આવેલા જાહેર શૌચાલયની પાસે એક પુરુષનો મૃતદેહ મળ્યો હતો. મૃતક પુરુષની ઉંમર આશરે ૩૦થી ૩૫ વર્ષ હોવાનું અનુમાન છે.

### જોળવામાં પાર્ક કરેલી કારમાંથી દારૂ મળ્યો

પલસાણા: પલસાણા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે, જોળવા ગામે હનુમાન ફળિયા નજીક આવેલી શક્તિ ઈન્ડસ્ટ્રિઝમાં એક સફેદ રંગની મારુતિ સુઝુકી કંપનીની અર્ટિગા કાર નં.(જીજે 15 સીએમ 2627)માં વિદેશી દારૂનો જથ્થો ભરીને પાર્ક કરી છે. આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર પહોંચી કારની તલાસી લેતાં અંદરથી 1200 બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેની કુલ કિં. રૂ.2.70 લાખ થાય છે. પોલીસે પાંચ લાખની કાર સહિત કુલ 7.70 લાખનો મુદ્દામાલ કબજે કરી કાર ચાલકને વોન્ટેડ જાહેર કર્યો છે.

### બગુમરા ગામથી ૨૨ વર્ષીય યુવક ગુમ

પલસાણા: પલસાણા પોલીસ સ્ટેશનમાં બગુમરાથી મૂળ બિહારનો એક યુવક ગુમ થયા અંગેની જાણવાજોગ ફરિયાદ નોંધાઈ છે. ગુમ થનાર યુવકનું નામ અમરજીતકુમાર ઉદયપ્રસાદ કુશ્વાહ છે, જેની ઉંમર ૨૨ વર્ષ છે અને તે મજૂરીકામ કરે છે.

### માંડવીમાં આજે જનજાતીય ગૌરવ દિવસની ભવ્ય ઉજવણી કરાશે

માંડવી: રાજ્યભરમાં ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી થઈ રહી છે. ત્યારે સુરત જિલ્લામાં માંડવી, મહુવા અને માંગરોળ ખાતે તા.૧૫મી નવેમ્બરે જનજાતીય ગૌરવ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. તા.૧૫મીએ બપોરે ૨ વાગ્યે યોજનારા આ કાર્યક્રમમાં માંડવી નગરપાલિકા ગ્રાઉન્ડ ખાતે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી, મહુવામાં તુલસી કોમ્પ્લેક્સ સામેના ક્રિકેટ મેદાન ખાતે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલા અને માંગરોળમાં એપીએમસી સેન્ટર, મોસાલી ચોકડી ખાતે નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાના અધ્યક્ષ સ્થાને ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્યો અને પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં આદિજાતિ બંધુઓ ઉપસ્થિત રહેશે. 'જનજાતીય ગૌરવ વર્ષ મહોત્સવ'ની ઉજવણીની સાથોસાથ સેવાસેતુ, મેડિકલ કેમ્પ, આદિજાતિના વિશિષ્ટ પ્રતિભાવાન નાગરિકોનું સન્માન અને વિદ્યાર્થીઓ, વિવિધ રમતગમત સ્પર્ધાઓના વિજેતાઓનું સન્માન કરાશે.

### કુકરમુંડાની ગંગથા પ્રાથમિક શાળામાં શિક્ષકનો વિદાય સમારંભ યોજાયો



કુકરમુંડા: કુકરમુંડાની ગંગથા પ્રાથમિક શાળામાં વર્ષો સુધી શિક્ષણ ક્ષેત્રે સેવા આપનાર શિક્ષક અબ્દુલ કરીમભાઈનો વિદાય સન્માન સમારંભ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ, ગ્રામજનો તેમજ શિક્ષણ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદાય પ્રસંગે અબ્દુલ કરીમભાઈએ જણાવ્યું કે, શિક્ષણ એ સમાજને ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરી જતું સૌથી શક્તિશાળી સાધન છે. મેં હંમેશાં વિદ્યાર્થીઓમાં સંસ્કાર, જ્ઞાન અને માનવતાનું સંવર્ધન કરવા પ્રયત્ન કર્યો છે. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા હૃદયસ્પર્શી ગીતો, કાવ્યો અને સંસ્મરણો રજૂ કરવામાં આવ્યાં હતાં, જેમાં તેમણે પોતાના પ્રિય શિક્ષક પ્રત્યેનો સ્નેહ અને આદર વ્યક્ત કર્યો હતો.

### ભરૂચ જિલ્લા રોજગાર કચેરી દ્વારા આજે ભરતી મેળો યોજાશે

અંકલેશ્વર: ભરૂચ જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા.૧૫/૧૧/૨૦૨૫ ને શનિવારે સવારે ૧૧ કલાકે જન શિક્ષણ સંસ્થાન ભરૂચ તથા શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ ટ્રસ્ટ, કે-૧/૨૦૫,જી.આઈ.ડી.સી. ઓફિસ રોડ, જી.દલાભાઈ, ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, અંકલેશ્વર ખાતે એમ.આર.એફ. લી.મી, દહેજ અને હ્યોકોહામાં કંપની દ્વારા એક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એસ.એસ.સી., એચ.એસ.સી.,આઈ.ટી.આઈ. કોઈપણ ટ્રેડ, ડિપ્લોમા/એન્જિનિયરિંગ સ્નાતક (બી.ઈ./બી.ટેક. ટ્રેઇની માટે ), બી.એ., બી.કોમ, બી.એસ.સી. (ટ્રેઇની માટે) લાયકાત ધરાવતાં ફક્ત મહિલા ઉમેદવારોને ઉપસ્થિત રહેવા જાણ કરવામાં આવે છે તેમ જિલ્લા રોજગાર અધિકારી દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# દાદા ભગવાન મંદિરના અતિથિ ગૃહના રૂમમાં યુવાનનો આપઘાત

**મહારાષ્ટ્રના** યુવાને ચિઠ્ઠી લખી ફાંસો ખાઈ લીધો



કામરેજ: દાદા ભગવાન મંદિરની અંદર આવેલા રૂમમાં મહારાષ્ટ્રના યુવાને મરાઠીમાં ચિઠ્ઠી લખી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

મૂળ મહારાષ્ટ્રના અહમદનગરના સંગમનગરના શિવાજીનગર ગલી નં.3માં રહેતા અને મહારાષ્ટ્રના પુણેની એગ્રીકલ્ચર દવા બનાવતી કંપની મન્ચયા માર્કેટિંગમાં નોકરી કરતો આમોલ પાંડુરાગ જાદવ (ઉં.વ.38) ગત તા.3 નવેમ્બરે પુણેથી કામરેજના નવાગામ ખાતે બંસીધર ગેસ્ટ હાઉસમાં રહી કંપનીની દવાનું માર્કેટિંગ કરતો હતો. ચાર દિવસ અગાઉ નવા ગામની સામે આવેલા દાદા ભગવાન મંદિર પરિસરમાં આવેલા અતિથી ભવનમાં ત્રીજા માળ પર બી-401 રૂમમાં રહેતો હતો અને ગોલ્ડન પ્લાઝામાં આવેલી એગ્રીકલ્ચરની દુકાનમાં સવારે આવી માર્કેટિંગનું કામ કરતો હતો.

શુક્રવારે સવારે દુકાન પર ન આવતાં દુકાન પર કામ કરતા જગદીશે ફોન કરતાં ફોન પણ રિસીવ કર્યો ન હતો. આખરે દાદા ભગવાન મંદિરના પરિસરમાં જઈ રૂમનો દરવાજો ખખડાવતાં તે પણ ન ખોલતાં રૂમની વેલ્ટિનેશનની બારીમાંથી જોતાં આમોલે ફાસો ખાઈ લીધો હોવાનું જોવા મળ્યું હતું. આથી તુરંત કામરેજ પોલીસને જાણ કરતાં બીટ જમાદાર ઝવેરભાઈ દોડી આવ્યા હતા. તપાસ કરતાં યુવાને બેડની ચાદર લોખંડની હૂક સાથે બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બેડ પરથી મરાઠી ભાષામાં લખેલી એક ચિઠ્ઠી પણ પોલીસને મળી આવી હતી, જેમાં કોઈ મહિલાના ત્રાસથી આ પગલું ભર્યું હોવાનું લખ્યું હતું. આ અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વધુમાં આમોલના બે વાર છૂટાછેડા પણ થયા હોવાનું જાણવા મળ્યું છે.

# કોંઢ નજીક ચાલકે નાળાની દીવાલ પરથી કાર કુદાવી

**કારના** આગળના ભાગનો ખુરદો બોલી ગયો



ભરૂચ: અંકલેશ્વર-વાલિયા વચ્ચે ગત તા.13મીએ રાત્રે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. એક કાર ચાલક વાલિયાથી અંકલેશ્વર તરફ આવી રહ્યો હતો. દરમિયાન કોંઢ ગામ ને ગુજરાત ગાર્ડિયન કંપની વચ્ચે માર્ગ પર આવેલા નાના પુલિયા પાસે પુરપાટ કાર નાના પુલની દીવાલ પર ચઢાવી દીધી હતી. કારની સ્પીડ એટલી હતી કે રોડ સાઈડ પર બે ફૂટ ઊંચેની દીવાલ પર કાર એક તરફનો ભાગ ચઢી ગયો હતો. અકસ્માતના ધડાકાથી વાહન ચાલકો અને લોકો દોડી આવ્યા હતા. કાર ચાલકને ઈજા પહોંચી હોવાની વિગતો સામે આવી રહી છે. ચાલક નશામાં હતો કે પછી ચાલુ કારે ઝોકુ આવી જતાં કાર રોડ સાઈડ પર આવેલા નાળાની દીવાલ પર ચઢાવી દીધી છે તે તપાસનો વિષય છે. અકસ્માત બાદ કાર નીચે ઉતારી લેવામાં આવી હતી અને રોડ સાઈડ પર કરવામાં આવી હતી. કારનો આગળના ભાગનો ખુરદો બોલી ગયો હતો. આ ઘટના અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

## કેન્સરની બીમારીથી પીડાતા યુવકનું સારવાર દરમિયાન મોત

પલસાણા: ચલથાણ ગામ સ્થિત સંજીવની હોસ્પિટલ ખાતે કેન્સરની લાંબી બીમારીથી પીડાતા એક 42 વર્ષીય આધેડનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતની નોંધ કરવામાં આવી છે. સુરત જિલ્લાના ચોર્યાસીના સણીયા હેમાદ ખાતે જલારામ સોસાયટીમાં રહેતા ભદ્રેશસિંહ બળવંતસિંહ લાલસિંહ મેઘાત (ઉં.વ.૪૨) વર્ષ-૨૦૨૨થી કેન્સરની બીમારીથી પીડાતા હતા. છેલ્લા ત્રણેક દિવસથી તેમની સારવાર માટે તેમને તેમના સાસરી પક્ષ ખરભાશી (ડાંભા), તા.પલસાણા ખાતે લાવવામાં આવ્યા હતા. તા.૧૨/૧૧/૨૦૨૫ની રાત્રે આશરે સાડા અગિયાર વાગ્યાના સુમારે તેમને શ્વાસ લેવામાં તકલીફ થતાં તાત્કાલિક ખાનગી વાહનમાં ચલથાણ ગામની સંજીવની હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં ફરજ તબીબે ભદ્રેશસિંહને તપાસીને મૃત જાહેર કર્યા હતા. પોલીસે આ અંગે કડોદરા પો.સ્ટે.માં અ.મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટીને શિલ્ડ એનાયત



બારડોલી: ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ દ્વારા 2024-25નાં વર્ષમાં સુરત/તાપી જિલ્લામાં ઉત્તમ કામગીરી કરનાર શરાફી ધિરાણ મંડળીઓમાં શ્રેષ્ઠ કામગીરી અંગે શિલ્ડ હરિફાઈ યોજાઈ હતી. જેમાં બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટીને દ્વિતીય ક્રમ પ્રાપ્ત થયો છે. સુરત જિલ્લા સહકારી સંઘ દ્વારા આયોજિત તા.14-11-2025નાં રોજ 72મા અખિલ ભારત સહકાર સપ્તાહ કાર્યક્રમમાં સંસ્થાનાં પ્રમુખ નિરંજન માનાજી મિસ્ત્રી, ઉપપ્રમુખ મનિષભાઈ પટેલ, ડિરેક્ટર મહેન્દ્રસિંહ ચૌહાણ, આનંદભાઈ ટેલર, વિમલ પટેલ, રમિત શાહ અને મેનેજર દિનેશચંદ્ર પ્રજાપતિને સુરત જિલ્લા સહકારી સંઘનાં અધ્યક્ષ ભીખાભાઈ ઝ. પટેલ દ્વારા આકર્ષક શિલ્ડ અને પ્રશસ્તિપત્રથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

# કડોદ નાગરિક સહકારી મંડળીમાં વ્ય.સમિતિની ચૂંટણી બિનહરીફ

**21મી ને** શુક્રવારે સવારે 9 કલાકે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી થશે

સુરત: કડોદ વિભાગ નાગરિક સહકારી ધીરાણ મંડળીની વ્ય. સમિતિની ચૂંટણી સૌપ્રથમ વખત બિનહરીફ થતાં કડોદ નગરે આનંદ ઉલ્લાસની લાગણી અનુભવી હતી.

કુલ 18 બેઠકમાંથી 13 બેઠક પ્રથમ ચરણમાં જ બિનહરીફ થઈ હતી અને આજે ફોર્મ ખેંચવાના આખરી દિવસે પાંચ ઉમેદવારોએ સ્વૈચ્છીક રીતે ફોર્મ ખેંચી લેતાં પ્રથમવાર કડોદ નગરમાં બિનહરીફ ચૂંટણીની ઘટના બની હતી. વોર્ડ નં.1માં વિનયકુમાર બાલુભાઈ પ્રજાપતિ, 2માં મનીષકુમાર ભગીરથસિંહ દેસાઈ, 3માં પ્રતાપસિંહ વજેસિંહ દેસાઈ, 4. પિનાકીન રાયચંદ શાહ, 5. ધ્વનીકુમાર રાજેન્દ્રભાઈ ભાવસાર, 6. સંજય જગદીશકુમાર ભાવસાર, 7. પરેશભાઈ બાલુભાઈ ઢીંમર, 8. મહેશભાઈ જગદીશભાઈ પ્રજાપતિ, 9. જિતેન્દ્રભાઈ ફૂલચંદ સોની, 10. સુનીલભાઈ કુમુદભાઈ મિસ્ત્રી, 11 અનિલભાઈ છનાભાઈ કંથારિયા, 12.રાજુભાઈ હીરાભાઈ પટેલ, 13.નિપુલકુમાર શાંતિલાલ પટેલ, 14. ધીરજભાઈ નાનુભાઈ પટેલ, 15.કિરીટભાઈ છગનભાઈ પટેલ, 16.શીતલબેન ઉદયભાઈ દેસાઈ, 17.દીપિકાબેન ધર્મેશભાઈ શાહ, 18. સમીરકુમાર નટવરભાઈ ધનગર બિનહરીફ રહ્યા હતા. તમામ ઉમેદવારોમાંથી પ્રમુખ અને ઉપપ્રમુખ માટે 21મીએ શુક્રવારે સવારે 9 કલાકે વરણી થશે. કડોદ નગરમાં જુદી જુદી જાતિના અગ્રણીઓએ વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યાં હતાં.

## પાલોદ નજીક નહેરમાંથી લાશ મળી

હથોડા: પાલોદમાં નહેરમાંથી 35 વર્ષના અજાણ્યાની લાશ મળી આવી હતી. આથી લોકોએ પાલોદ પોલીસને જાણ કરતાં પોલીસે લાશ બહાર કાઢી તપાસ હાથ ધરી છે. મરણ જનાર યુવાન નહેરના ઉપરવાસમાં પાણીમાં ડૂબી જવાથી મોત થયું હશે તેવી પોલીસે હાલ શંકા વ્યક્ત કરીને આકસ્મિક મોતની નોંધ કરી છે. પાલોદ પોલીસ ચોકીના પી.એસ.આઈ પરાક્રમસિંહ કછવાહાએ વધુ તપાસ હાથ ધરી છે.

## કુકરમુંડામાં રક્તદાન કેમ્પ યોજાયો



કુકરમુંડા: કુકરમુંડા ખાતે આદિવાસી યુવા સંગઠન દ્વારા ગતરોજ ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં યુવાનો સહિત ગ્રામજનોનો ઉમંગ જોવા મળ્યો હતો. આ કેમ્પમાં કુલ 67 બોટલ રક્તદાન થયું હતું.

## દેવું વધી જતાં કડોદરાના યુવકે જીવન ટૂંકાવ્યું

પલસાણા: કડોદરાના શાંતિનગર, સાંઈ પેલેસ, મકાન નં.૩૦૩માં રહેતા અને મહારાષ્ટ્રના જલગાવના પરોડા તાલુકાના ઉદીરખેડા ગામના વતની વસંત રામચન્દ્ર દેસલે (ઉં.વ.૪૧)એ 12 નવેમ્બરે તેમના ઘરની સામે આવેલા રૂમ નં.૩૦૧ના પહેલા રૂમમાં છતની હૂક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. મરણ જનાર વસંત દેસલેને ઘરની લોનના હપ્તાઓ ભરવાના હતા અને તેમણે અન્ય વ્યક્તિઓ પાસેથી ઉછીના રૂપિયા પણ લીધા હતા. આ નાણાકીય બોજને કારણે તેઓ કાયમ ટેન્શનમાં રહેતા હતા, જેને કારણે તેમણે આ અંતિમ પગલું ભર્યું હતું. આ બનાવ અંગે મૃતકની પત્ની સુનીતાબેન દ્વારા કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં જાણ કરાઈ હતી.

Milano MULTIPLEX
બારડોલી
De DE Pyaar De-2
10:00am, 01:00pm, 03:00pm, 06:00pm, 10:00pm
Laalo-krishna Sada Sahayate-Gujarati
12:00pm, 02:00pm, 04:00pm, 05:30pm, 07:00pm, 09:00pm, 09:30pm,
Dusshera-Gujarati
11:00am
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

## જીઆરપી લિમિટેડ

(સીઆઈએન: L2519GJ1974PLC002555)

રજિસ્ટર્ડ ઓફિસ: પ્લોટ નં. ૮, જીઆઈડીસી એસ્ટેટ, અંકલેશ્વર - ૩૯૩૦૦૨, ભરૂચ, ગુજરાત.

ફોન નં.:૦૨૨-૬૭૦૮૨૬૦૦-૨૫૦૦, ઈ-મેલ: investor.relations@grpweb.com, વેબસાઈટ: www.grpweb.com

૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સમાપ્ત થતા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક માટેના ઓડિટ કરાયા વગરના ફાયનાન્શીયલ રિઝલ્ટ્સનું ઉદ્ધરણ

(રૂપિયા લાખમાં)

| ક્રમ સંખ્યા | વિગત | સ્ટેન્ડઅલોન | | | કોન્સોલિડેટેડ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ના રોજ સમાપ્ત થતી ત્રિમાસિક | | અર્ધવાર્ષિક સમાપ્ત | ના રોજ સમાપ્ત થતી ત્રિમાસિક | | અર્ધવાર્ષિક સમાપ્ત |
| | | ૩૦-૦૯-૨૦૨૫ | ૩૦-૦૯-૨૦૨૪ | ૩૦-૦૯-૨૦૨૫ | ૩૦-૦૯-૨૦૨૫ | ૩૦-૦૯-૨૦૨૪ | ૩૦-૦૯-૨૦૨૫ |
| | | અનઓડિટેડ | અનઓડિટેડ | અનઓડિટેડ | અનઓડિટેડ | અનઓડિટેડ | અનઓડિટેડ |
| ૧ | સંચાલનથી કુલ આવક (શુદ્ધ) | ૧૩,૦૫૯.૫૧ | ૧૨,૭૩૨.૮૨ | ૨૪,૯૮૧.૮૭ | ૧૩,૨૩૫.૬૪ | ૧૩,૧૬૪.૬૦ | ૨૫,૬૧૦.૩૧ |
| ૨ | તે સમયગાળા માટે શુદ્ધ લાભ-(નુકસાન) (વેરા પહેલાં, અસામાન્ય અને - અથવા અસાધારણ વસ્તુઓ) | ૪૭૩.૮૫ | ૬૧૩.૦૦ | ૯૪૪.૭૬ | ૩૩૧.૮૪ | ૩૮૯.૨૭ | ૬૫૩.૫૩ |
| ૩ | તે સમયગાળા માટે શુદ્ધ લાભ-(નુકસાન) વેરા પહેલાં (અસામાન્ય અને - અથવા અસાધારણ વસ્તુઓ બાદ) | ૪૭૩.૮૫ | ૬૧૩.૦૦ | ૯૪૪.૭૬ | ૩૩૧.૮૪ | ૩૮૯.૨૭ | ૬૫૩.૫૩ |
| ૪ | તે સમયગાળા માટે શુદ્ધ લાભ-(નુકસાન) વેરા બાદ (અસામાન્ય અને - અથવા અસાધારણ વસ્તુઓ બાદ) | ૩૩૯.૦૮ | ૪૭૬.૧૮ | ૬૬૪.૫૨ | ૧૯૫.૮૯ | ૨૫૦.૭૧ | ૩૭૦.૬૯ |
| ૫ | તે સમયગાળા માટે કુલ વ્યાપક આવક (જેમાં લાભ (નુકસાન) સામેલ છે) તે સમયગાળા માટે અને વેરા બાદ અને અન્ય વ્યાપક આવક (વેરા બાદ). | ૧૧૧.૯૨ | ૨૯૯.૫૮ | (૪૯.૬૦) | (૩૧.૨૭) | ૭૪.૧૧ | (૩૪૩.૪૩) |
| ૬ | ઈક્વિટી શેર કેપિટલ | ૫૩૩.૩૩ | ૫૩૩.૩૩ | ૫૩૩.૩૩ | ૫૩૩.૩૩ | ૫૩૩.૩૩ | ૫૩૩.૩૩ |
| ૭ | અન્ય ઈક્વિટી (રિવેલ્યુએશન રિઝર્વને કાઢતા) અગાઉના વર્ષની ઓડિટેડ બેલેન્સ શીટમાં દર્શાવ્યા મુજબ | - | - | - | - | - | - |
| ૮ | રૂ. ૧૦ના શેર પર પ્રતિ શેર કમાણી (સંચાલન ચાલુ રાખવા અને બંધ રાખવા માટે) (વાર્ષિક નહીં) | | | | | | |
| | ૧ બેસિક : (રૂપિયામાં) | ૬.૩૬* | ૮.૯૩* | ૧૨.૪૬* | ૩.૬૭* | ૪.૭૦* | ૬.૯૫* |
| | ૨ ડાઈલ્યુટેડ : (રૂપિયામાં) | ૬.૩૬* | ૮.૯૩* | ૧૨.૪૬* | ૩.૬૭* | ૪.૭૦* | ૬.૯૫* |

નોંધ:

૧ ઉપર જેનો ઉલ્લેખ કરાયો છે તે ત્રિમાસિક અને અર્ધવાર્ષિક સમાપ્ત થાય છે તે માટે ફાયનાન્શીયલ રિઝલ્ટ્સના વિગતવાર ફોરમેટનું ઉદ્ધરણ છે જેને સ્ટોક એક્સચેન્જમાં એસઈબીઆઈ (લિસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટ) રેગ્યુલેશન, ૨૦૧૫ના નિયમ 33 હેઠળ ફાઈલ કરાઈ છે. ક્વાર્ટર અને હાફ યર એન્ડેડ ફાયનાન્શીયલ રીઝલ્ટ્સનું ફુલ ફોરમેટ બીએસઈની વેબસાઈટ www.nseindia.com, www.bseindia.com અને કંપનીની વેબસાઈટ www.grpweb.com પર ઉપલબ્ધ છે.

૨ ઓડિટ કમિટિ દ્વારા પરીણામોની સમીક્ષા કરાઈ છે અને ૧૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ યોજાયેલી બેઠકમાં કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા તેને મંજૂર કરાઈ છે.

3 અગાઉના સમયગાળા માટેના આંકડાઓ જ્યાં પણ જરૂરી હતું ત્યાં રીગ્રુપ-રીકલાસીફાઈડ કરાયા છે જેથી તે સરખામણી કરવા લાયક બને.

સ્થળ: મુંબઈ
તારીખ: ૧૩ નવેમ્બર, ૨૦૨૫

જીઆરપી લિમિટેડ માટે
હર્ષ આર. ગાંધી
મેનેજીંગ ડિરેક્ટર
ડીઆઈએન ૦૦૧૩૩૦૯૧